ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૩૪ ટકા

# સિવિલમાં એક વર્ષમાં ૭૭૬૩ મેજર સર્જીકલ ઓપરેશન

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવથી માંડીને કીડનીના રોગની સારવાર સિવિલમાં ઉપલબ્ધ છે. પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે. ત્યારે સિવિલમાં વર્ષ-૨૦૧૭ દરમિયાન ૭૭૬૩ દર્દીઓના મેજર સર્જીકલ ઓપરેશન તેમજ ૧૬૩૧૩ દર્દીઓના માઈનોર ઓપરેશન સિવિલના ડોક્ટર્સ દ્વારા કરવામાં આવ્યા છે.

ગાંધીનગર પાટનગરની મેડીકલ કોલેજ બન્યા બાદ ડોકટરોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. જયારે હોસ્પિટલમાં આધુનિક ટેકનોલોજીની સાથે દર્દીઓની પથારીમાં પણ વધારો થવા પામ્યો છે. પાંચમાળની ઓપીડી બિલ્ડીંગ અને આઠમાળની ઈન્ડોર દર્દીઓની બિલ્ડીંગ દર્દીઓથી ઉભરાઈ રહી છે. સિવિલમાં મુલાકાતીઓની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. દિવસભર સિવિલ હોસ્પિટલમાં ભારે ચહલ પહલ જોવા મળે છે. ત્યારે વિવિધ વિભાગની સાથે સર્જીકલ વિભાગની પણ જવાબદારી વિશેષ રીતે વધુ જોવા મળે છે. જેમાં વર્ષ ૨૦૧૭માં મેજર ૭૭૬૩ દર્દીઓના મેજર ઓપરેશન કરવામાં આવ્યા છે. જેમાં પેટમાં ગાંઠ હોવી, એપેન્ડીક્સ, પથરી સહિતના ઓપરેશનનો સમાવેશ થાય છે. જયારે સિવિલમાં ગત્ વર્ષ દરમિયાન ૧૬૩૧૩ દર્દીઓના માઈનોર ઓપરેશન કરવામાં આવ્યા છે. જેમાં અકસ્માતમાં સામાન્ય ઈજા પહોંચી હોય તેવા દર્દીઓનો સમાવેશ થાય છે. ત્યારે આગામી સમયમાં હોસ્પિટલમાં વિવિધ વિભાગો નવિન ઉભા થવાના છે તેમજ નવા ડોક્ટર્સ સુપર સ્પેશ્યાલીસ્ટ આવવાના છે ત્યારે દર્દીઓનો ધસારો વધી શકે છે. જેથી મેજર અને માઈનોર સર્જરીના ઓપરેશનમાં પણ આ ચાલુ વર્ષે વધારો જોવા મળે તો નવાઈ નહી. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ જિલ્લાના દર્દીઓ ઉપરાંત આસપાસના દર્દીઓ માટે પણ આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

## વાતવાતમાં

● સાંજના સુમારે સેકટર-૭/૮ના કટ પાસે એક કાર ચાલકે કાબુ ગુમાવતા કાર આખું ડિવાઈડર કુદી બીજી તરફના માર્ગ પર આવી ગઈ હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઈજા થઈ નહોતી પરંતુ ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો.

● શહેરમાં મોટા ભાગના એટીએમ સેન્ટરોમાં છેલ્લા કેટલાક દિવસથી મશીનો બરાબર ચાલતા ના હોવાની અથવા મશીનમાં 'કેશ'ના હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. એટીએમ મશીનોના ધાંધિયાને કારણે ગ્રાહકોના અગત્યના કાર્યો અટવાઈ રહ્યા છે અને ગ્રાહકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે.

# પ્રજાસત્તાક દિનની પ્રભાતે યોજાશે ઈકો-યુથ રન

## ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટના વિદ્યાર્થીઓનું ૭ કિમી લાંબી ઈકો-યુથ રનનું આયોજન : વિજેતાઓને રૂ. ૨૫ હજારના ઈનામોથી નવાજવામાં આવશે

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગરમાં ૬૯મા પ્રજાસત્તાક દિનની પ્રભાતે યુવનોની ઈકો-યુથ રન યોજાશે. આ ઈકો-યુથ રન તા. ૨૬મી જાન્યુઆરીએ સવારે ૬ કલાકે ઈન્ફોસીટી નજીકના ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ ખાતેથી પ્રારંભ થશે જે ઘ-૩ સર્કલથી પ્રારંભ સ્થળે પરત ફરશે. ઈકો-યુથ રનનો રૂટ કુલ ૭ કિમીનો છે. જેના સમાપને વિજેતાઓને આશરે રૂ. ૨૫ હજારના ઈનામોથી નવાજવામાં આવશે.

ગાંધીનગર ખાતેની ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૬મી જાન્યુઆરીએ ભારતના પ્રજાસત્તાક દિન નિમિત્તે આયોજિત ઈકો-યુથ રનમાં વિવિધ સંસ્થાના યુવાનો જોડશે. આ વર્ષે ઈકો-યુથ રન ૨૦૧૮ની થીમ 'રિડયુસ, રિયુઝ, રિસાઈકલ' રાખવામાં આવી છે. આ યુથ-રનથી યુવાનોને કુદરતી સંસાધનોનો બગાડ ઘટાડવા તથા પર્યાવરણની જાળવણીના હેતુસર ચીજવસ્તુઓનો શકય હોય તેટલો પુનઃ વપરાશ કરવા અને નકામી ચીજવસ્તુઓને રિસાઈકલ કરવા જાગૃત કરવાનો ઉદ્દેશ છે. ઈકો-યુથ રનમાં ભાગ લેનાર યુવાનો પર્યાવરણના જતનનો સંદેશ પાઠવશે. પ્રજાસત્તાકની પ્રભાતે યોજાનાર આ દોડના વિજેતાઓને ઈનામોથી પણ સન્માનવામાં આવશે. આ ઈકો-યુથ રનમાં ગાંધીનગર ઉપરાંત અન્ય સ્થળોએથી પણ આવીને દોડવીરો ભાગ લેશે.

# સાઈના દિવ્યાંગ તરણવીરનો એશિયન યુથ પેરા ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ



ગાંધીનગર ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના પેરા સ્પોર્ટસ ટ્રેનિંગ સેન્ટરના તરણસ્પર્ધાના તાલીમાર્થી આફિદ મુખ્તાર અત્તરે તાજેતરમાં દુબાઈ ખાતે યોજાયેલ એશિયન યુથ પેરા ગેમ્સ ૨૦૧૭માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આફિદે આ મેડલ ૧૦૦ મીટર બટરફલાય સ્પર્ધામાં જીત્યો હતો. આફિદને સાઈના સ્વિમિંગ કોચ રીના દાસે તાલીમ આપી હતી. આફિદ દુબાઈથી પરત ફરતા સાઈના ડેપ્યુટી ડાયરેકટર વીરસીંઘ ચૌહાણે આફિદ તથા કોચ રીના દાસને અભિનંદન પાઠવ્યા હતા.

## લીયો મલ્ટિપલ ૩૨૩૨ની કાઉન્સિલ મીટીંગ યોજાઈ

સાસણગીર ખાતે આવેલા ધ વિશાલ ગ્રીનવુડ રિસોર્ટમાં લીયો મલ્ટિપલ ૩૨૩૨ની ૨ કાઉન્સિલ મીટીંગ યોજવામાં આવી હતી. જેમાં અલગ અલગ ડિસ્ટ્રીકટમાંથી અંદાજે ૧૦૦ લીયો સભ્યો હાજર રહ્યા હતા.

આ મીટીંગમાં મલ્ટીપલ ડિસ્ટ્રીકટ સેક્રેટરી વિવેકસિંહ પાબલાએ મલ્ટીપલ રિપોર્ટ રજૂ કર્યો હતો. તેની સાથે સાથે દરેક ડિસ્ટ્રીકટના ડિસ્ટ્રીકટ પ્રેસિડેન્ટ દ્વારા લીયો કલબના કાર્યોનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. આ કાઉન્સિલ મીટીંગમાં આઈ.પી.એમ.સી.સી. ૩૨૩૨ના લાયન રાજેન્દ્ર ભટ્ટ, મલ્ટિપલ કાઉન્સિલ સેક્રેટરી, મલ્ટીપલ મેમ્બરશીપ ચેરમેન, 'જે' ડિસ્ટ્રીકટના ગર્વનર તેમજ અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# લેકાવાડામાં રસ્તા પર ટાયરો સળગાવી પોલિસ પર પથ્થરમારો

## 'પદ્માવત'ના વિરોધમાં રસ્તા ઉપર આવીને ધમાલ કરનારા ૫૦ના ટોળામાંથી આઠની ધરપકડ કરતી ચિલોડા પોલિસ



ગાંધીનગર, તા.૨૩
પદ્માવત ફિલ્મના વિરોધના લીધે છેલ્લા ઘણા સમયથી સમગ્ર દેશ અને રાજયમાં અરાજકતાનો માહોલ છવાયેલો છે. ઉશ્કેરાયેલા લોકો બસોને આગ લગાડી, ટાયર સળગાવી પોતાનો આક્રોશ વ્યકત કરી રહ્યા છે ત્યારે ચિલોડા નજીક લેકાવાડા પાસે ગઈ મોડી સાંજે પદ્માવત ફિલ્મના વિરોધમાં રસ્તા ઉપર ઉતરી આવેલા ૫૦ વ્યકિતઓના ટોળાએ ટાયર સળગાવી ચક્કાજામ કર્યો હતો. ચિલોડા પોલિસ સ્થળ ઉપર આવી પહોંચી હતી અને રસ્તા વચ્ચે સળગતા ટાયર હટાવવા પ્રયત્નો શરૂ કર્યા એટલે ટોળાએ પથ્થરમારો શરૂ કરી દીધો હતો. આ મામલે ચિલોડા પોલિસે ગુનો દાખલ કરીને આઠ શખ્સોની ધરપકડ કરી રીમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

ચિલોડા પોલિસનો કાફલો ગઈ સાંજે લેકાવાડા પાસે રસ્તા વચ્ચે સળગાવાયેલા ટાયરો હટાવવા પહોંચી ગયો હતો. કાફલાએ ટાયરો હટાવવા કામગીરી શરૂ કરી ત્યારે વિરોધ પ્રદર્શન કરનાર ૫૦ જેટલા વ્યકિતઓના ટોળાએ પોલિસ પર પથ્થરમારો કરીને હુમલો કરી દીધો હતો. પોલિસ રીએકશન આપે ત્યાં સુધીમાં ટોળુ ભાગ્યું હતું. પોલિસે આઠ શખ્સોને પકડી પાડયા હતા. આઈપીસી કલમ ૧૪૭, ૧૪૮, ૩૩૨, ૩૩૭, ૩૪૧ તથા જીપીએકટ ૧૩૫ મુજબ ૫૦થી વધુના ટોળા સામે ગુનો દાખલ કરીને લેકાવાડાના ઈન્દ્રસિંહ જાલમસિંહ કાબાવત, ક્રિપાલસિંહ ઘનશ્યામસિંહ ઝાલા, વલાદના હરીશ્ચંદ્ર ઉર્ફે પપ્પુ બહાદુરસિંહ સોલંકી, લેકાવાડાના નરેશસિંહ નટવરસિંહ વાઘેલા, વનરાજસિંહ જુજારસિંહ પરમાર, જીતેન્દ્રસિંહ





નટવરસિંહ ગોહિલ, મયુરસિંહ સુરેન્દ્રસિંહ વાઘેલા અનો હિંમતસિંહ ભવરસિંહ રાઠોડ મળી આઠ શખ્સોની ધરપકડ કરી લઈ ફરાર આરોપીઓને પકડવા તજવીજ શરુ કરી કોર્ટમાંથી આઠેયના રિમાન્ડ મેળવવા કવાયત શરુ કરી છે.

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા સંસ્કૃતિ કાર્યક્રમ યોજાયો









ગાંધીનગર, તા.૨૩
કામધેનુ યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી સંલગ્ન માનસિંહભાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડેરી એન્ડ ફુડ ટેકનોલોજી, મહેસાણા ખાતે સંસ્કૃતિ ૨૦૧૭-૧૮ કાર્યકમ અંતગર્ત આંતર કોલેજ સાંસ્કૃતિક સ્પર્ધાનું આયોજન તા.૨૦ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં કામધેનુ યુનિવર્સિટીની અંગભુત અને સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સિટીના માન. કુલપતિ ડૉ. પી. એચ. વાટલીયાએ વિશેષ ઉપસ્થિત રહી જણાવ્યું કે, આ પ્રકારની સ્પર્ધાઓ વિદ્યાર્થીઓમાં રહેલી આંતરીક સકારાત્મક, સર્જનાત્મક શકિતઓ બહાર લાવવા માટે આ અમુલ્ય તક છે. આ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સિટીના વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓના નિયામક ડૉ. ભાવિક પટેલ, દૂધ સાગર ડેરીના કાર્યકારી અધ્યક્ષા શ્રીમતી આશાબેન ઠાકોર, યજમાન સંસ્થાના એકઝીક્યુટીવ ડાયરેકટર શ્રી પી. આર. પટેલ તેમજ ડેપ્યુટી ડાયરેકટર શ્રી બેચરભાઈ ચૌધરી હાજર રહ્યા હતા. સ્પર્ધાઓનુ મૂલ્યાંકન શ્રી ભગવતદાન ગઢવી, શ્રી હરેશભાઈ પ્રજાપતિ જેવા સંગીત વિષારદો તથા શ્રી પ્રણવભાઈ ભાટિયા, શ્રી વિરલભાઈ દવે જેવા કોરિયોગ્રાફરશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં સર્વે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ દ્વારા નવાજવામાં આવ્યા હતા.

# જયોતિ મહિલા મંડળ દ્વારા દેશભકિત ગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૩
છેલ્લા ૨૫ વર્ષથી જયોતિ મહિલા મંડળ દ્વારા યુવા પેઢીમાં દેશભકિતની ભાવના ધબકતી રાખવાના પ્રયાસરૂપે દેશભકિત ગીત સ્પર્ધા યોજવામાં આવી છે. આ વર્ષે પણ આવી સ્પર્ધાનું આયોજન બાશ્રી વસંતકુંવરબા શાળા ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્ય મૃદુલાબેન ગોસાઈ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચે સૌ સ્પર્ધકોને અભનંદન આપી શાળાના વિદ્યાર્થીઓને દેશની સેવા કરવા માટે આહવાન કર્યું હતું અને સંસ્થા, સમાજ અને દેશનું ઋણ અદા કરી નામ રોશન કરવા દૃષ્ટાંકતો દ્વારા પ્રોત્સાહન અને પ્રેરણા પુરા પાડયા હતા. આ કાર્યક્રમમાં વિજેતા ટીમને જયોત્સનાબેન મણિયાર તરફથી ટ્રોફીઓ એનાયત કરવામાં આવી હતી.



આ પ્રસંગે સંસ્થાના સેક્રેટરી હર્ષાબા ધાધલ અને સહ-મંત્રી કિન્નરીબેન દવે ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયક તરીકે જયાબેન બ્રહ્મભટ્ટ અને રીટાબેન મોદીએ સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન દક્ષાબેન શુકલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# માનસિક તણાવથી વધતી આત્મહત્યાઓ અંગે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૩
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે



ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સહયોગથી નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામના ઉપક્રમે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં લોકોને માનસિક તણાવથી બચવા તથા આત્મહત્યા અટકાવવા વિશે જાગૃતિ લાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.એસ. લિખિયાએ સંબોધનમાં જણાવ્યું હતું કે, પશ્ચિમીકરણને કારણે વર્તમાન જીવનશૈલીનો સીધો સંબંધ ડિપ્રેશન સાથે જોડાયેલો રહે છે તેથી વ્યકિત હતાશાનો અનુભવ કરે છે. વ્યકિત જયારે શારીરિક, માનસિક અને સાંવેગિક રીતે સ્વસ્થ હોય તો તે ડિપ્રેશનનો ભોગ બને છે. વર્કશોપમાં તજજ્ઞ ડૉ. તેજસ પટેલે ડિપ્રેશન શું છે, તે કઈ રીતે થાય છે, તેની નિદાન પ્રક્રિયા તેમજ ડિપ્રેશનથી બચવા શું કરવું જોઈએ તેની વિસ્તારથી માહિતી આપી હતી.

ડૉ. રીમા વસાણી દ્વારા સમાજમાં પ્રવર્તતા આત્મહત્યા જેવા ગંભીર વિષયને નિવારવા શું કરી શકાય તથા આપણી આજુબાજુ રહેલા ડિપ્રેશનથી પીડિત વ્યકિતઓને કેવી રીતે મદદરૂપ બનવું એ અંગે કાર્યક્રમમાં ચર્ચા કરી હતી. આ વર્કશોપમાં યુનિવર્સિટીના કુલપતિ, રજિસ્ટ્રાર, આસિસ્ટન્ટ પ્રોફેસર, યુનિ.ના સ્ટાફના માણસો ઉપસ્થિત રહ્યા હતા. ચિલ્ડ્રન્સ યુનિ. અંતર્ગત ચાલતા તપોવન સંશોધન કેન્દ્રના સગર્ભા બહેનો તથા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# આઈઆઈટી ખાતે સુવિધાયુક્ત કામદાર આવાસ મોડેલનું ઉદઘાટન





ગાંધીનગર, તા.૧૩
ગાંધીનગરની આઈઆઈટી દ્વારા સંસ્થાના સંકુલમાં ચાલી રહેલ બાંધકામના ૧૨૮ કામદારો માટેના આવાસના મોડેલનું આજે ઉદઘાટન કર્યું હતું. બાંધકામ કાર્યના કામદારો માટે સંસ્થા દ્વારા સંપૂર્ણપણે હાઈજેનિક સુવિધાઓ ધરાવતા આવાસો તૈયાર કરવામાં આવનાર છે. જેમાં ટોયલેટ-બાથરૂમથી વૉશ બેઝિન તથા પાણીની સગવડ ઉપરાંત સેપ્ટિક ટેન્કસની પણ યોગ્ય વ્યવસ્થા તૈયાર કરવામાં આવનાર છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ગાંધીનગરના ડાયરેકટર પ્રો. સુધીર જૈને જણાવ્યું કે 'અમે સમાજ માટે જવાબદાર સ્નાતકો તૈયાર કરવા માંગીએ છીએ. સંસ્થા પોતાના સ્થાપિત આદર્શો ત્યારે જ વિદ્યાર્થીઓમાં ખિલવી શકે જયારે સંસ્થા તે પ્રમાણે જ વર્તે.' અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૫ દરમિયાન પણ સંસ્થામાં ચાલી રહેલ નિર્માણ કાર્યના કામદારો માટે આ પ્રકારના સુવિધાયુકત રહેઠાણો તૈયાર કરવામાં આવ્યા હતા. આઈઆઈટી કાઉન્સિલ દ્વારા કામદારોની સુખાકારી અને સામાજિક જરૂરિયાતોને ધ્યાને રાખીને આ પ્રકારના હાઈજેનિક આવાસોની સુવિધા પુરી પાડવામાં આવે છે. હાલ આઈઆઈટી ખાતે ગેસ્ટહાઉસનું નિર્માણ મે. શાંતિ કન્સ્ટ્રકશન દ્વારા કરવામાં આવી રહ્યું છે.